વોકેશનલ ટ્રેનિગ સેન્ટરના અપગ્રેડેશન અંગે..
નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક :વીટીસી/૨૦૦૮/ન.બા.૭/ઘ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : /૦૬/૨૦૦૮
-5 JUN 2008

વંચાણે લીધા :-

૧. ભારત સરકારનો તા:૮/૧૨/૧૯૯૨ નો પત્ર ક્રમાંક: ૧૧૦૩૭/૧/૯૨/ટીડીએ/(ટી.ડી.ડીવીઝન)

૨. કમિશનરશ્રી આદિજાતિ વિકાસને તા:૧૯/૧/૨૦૦૮નો પત્ર ક્રમાંક:આવિ/ તા.સં /૦ / ૧૯૫૫/૧૦૫૪

ઠ રા વ :-

વંચાણમાં લીધા ક્રમાંક(૧)થી ભારત સરકારના કલ્યાણ મંત્રાલયની માર્ગદર્શક રૂપરેખા અનુસાર કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ રાજયમાં વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રો ચલાવવામાં આવે છે. આ કેન્દ્રોમાં ઈલેકટ્રીશીયન ,ડીઝલ મોટર રીપેરીંગ કોમ્પ્યુટર, રેડિયો ,ટીવી રીપેરીંગ, પ્લમ્બીંગ,બ્યુટી પાર્લર એમ્બ્રોયડરી, વગેરે તાલીમ વર્ગો ચલાવવામાં આવે છે.

આ તાલીમ કેન્દ્રોને હોસ્ટેલ કોમ્પ્યુટરરૂમ, સ્ટોરરૂમ, ફર્નિચર ,અધતન મશીનરી સહિતની જરૂરી સાધન સામગ્રી વડે સુસજ્જ કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

આ માટે પુખ્ત વિચારણાને અંતે, ૧૧ વ્યવસાય લક્ષી તાલીમ કેન્દ્રોમાં આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરવા ચાલુ નાણાંકીય વર્ષમાં અંદાજપત્રમાં રૂા.૮૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા આઠસો લાખ પુરા)ની નવી બાબતનો સમાવેશ કરવામાં આવેલ છે જેને મંજૂરી આપવામાં આવે છે.

આ અંગે રૂા.૮૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈને નીચે દર્શાવેલ શરતોને આધિન મંજુરી આપવામાં આવે છે.

(૧) સને ૨૦૦૮-૦૯ના વર્ષ ના બજેટ જોગવાઈને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતો વખત નક્કી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબત, ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસપીઓ/ -૧૦-૨૦૦૫- ૧૪૦૭- છ, તા: ૨૨/૧૧/૨૦૦૬ અન્વયે - ઈ -ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ / સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અન્વયે જો કઈપણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રર્વતમાન ધારા-ધોરણ અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૫) સમયસર યુટિલાઈઝેશન સર્ટીફિકેટ રજૂ કરી ભારત સરકાર પાસેથી નાણાં સમયસર મેળવી લેવાય તે વિભાગે જોવાનું રહેશે.

(૬) આ અંગેની અન્ય જોગવાઈ ભારત સરકારની યોજનાની પેટર્ન મુજબની રહેશે.

(૭) વોકેશનલ ટ્રેનિગ સેન્ટરના અપગ્રેડેશન અંગેની સઘળી કામગીરી કમિશનરશ્રી (આ.વિ)એ કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ અનુસુચિત જાતિઓ, અનુ. જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ પેટા મુખ્ય સદર-૦૨- અનુસુચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર -૭૯૬ આદિજાતિ વિસ્તાર, પેટા યોજના અપગ્રેડેશન ઓફ વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર હેઠળ હેઠળ થયેલ જોગવાઈમાં-થી મેળવવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અગ્રસચિવશ્રી (ખર્ચ)નાણાં વિભાગની તા:૧૫/૦૫/૦૮ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ડી.સી.પંડયા)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦-એ. ગાંધીનગર

નકલ રવાના:-

- મહામહિમ રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, અંગત સચિવશ્રીનું કાર્યાલય રાજભવન, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આ.વિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
- માન.રા.ક. મંત્રીશ્રી (આ.વિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, (ખર્ચ) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- નાણાં વિભાગ-ક - શાખા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, આ.વિ.વિ.ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી , અમદાવાદ/ રાજકોટ.
- નાણા સલાહકારશ્રી,(ગૃહ) આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ. (આદિજાતિ વિકાસ )
- પ્રાયોજના વહીવટદારશ્રી, રાજપીપળા, માંડવી,દાહોદ, વાંસદા, સોનગઢ, ખેડબ્રહમા, ડાંગ આહવા.
- સર્વે તકેદારી અધિકારીશ્રીઓ (આદિજાતિ વિકાસ )
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (આદિજાતિ વિકાસ)

* સર્વે પ્રાયોજના અધિકારીશ્રીઓ (આદિજાતિ વિકાસ )
* બજેટ (છ) શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
* નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ,
* સિલેકટ ફાઈલ.

RAVAL- GTC-2008-NBA-7-G